ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ- 1976/08/2023** **તા:17/08/2023**

## સંસદનું સત્ર પુરુ થયા પછી કામગીરી અને "મેરી મીટ્ટી મેરા દેશ" સંદર્ભે આજે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના અધ્યક્ષતામાં પ્રેસ કોન્ફરન્સ સુરત ખાતે યોજાઇ હતી.

----

## આરોગ્યની યોજનામાં પાંચ લાખ કેન્દ્ર સરકારના અને પાંચ લાખ રાજય સરકારના મળીને કુલ દસ લાખ સુધીની સહાય દર્દીને આપનાર ગુજરાત એક માત્ર રાજય છે. – શ્રી સી.આર.પાટીલ

----

## "મેરી મીટ્ટી મેરા દેશ" અભિયાન અંતર્ગત 182 વિધાનસભામાથી આવનાર કળશને ઇલેક્ટ્રીક વાહનથી દિલ્હી મોકલવામાં આવશે. – શ્રી સી.આર.પાટીલ

----

## ચોમાસા સત્રમાં વિપક્ષ દ્વારા ખોટી રીતે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો અને સંસદ ન ચાલવા દેવાનો પ્રયાસ કર્યો. – શ્રી દર્શનાબેન જરદોશ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, સંસદના સત્ર પુરુ થયા પછી તેની કામગીરી અને "મેરી મીટ્ટી મેરા દેશ" સંદર્ભે આજે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં દેશ પર આવેલી કુદરતી આફત સમયે મૃત્યુ પામેલ વ્યકિતને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે કરેલા કાર્યોની માહિતી લોકો સુધી પહોંચાડવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ગુજરાત એક માત્ર રાજય છે કે આરોગ્યની યોજનામાં પાંચ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

લાખ કેન્દ્ર સરકારના અને પાંચ લાખ રાજય સરકારના મળીને કુલ દસ લાખ સુધીની સહાય દર્દીને આપે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગત વર્ષે હર ઘર તિરંગા યાત્રાનું આહવાહન કર્યુ હતું તેને દેશની જનતાએ સ્વીકાર્યુ અને લોકોએ ઘરે ઘરે તિરંગો ફરકાવ્યો છે. અને આ વખતે “મેરી મેટ્ટી મેરા દેશ” કાર્યક્રમ જાહેર કર્યો તેના કારણે લોકોમાં આ દેશ મારો છે તેવો ભાવ વધુ મજબૂત થશે તેવો વિશ્વાસ છે. વિવિધ જગ્યાએથી ભેગી થયેલી માટી થકી દિલ્હીમાં અમૃતવન બનાવવામાં આવનાર છે. સમગ્ર રાજયની 182 વિધાનસભામાથી આવનાર કળશને ઇલેક્ટ્રીક વાહનથી દિલ્હી મોકલવામાં આવશે.

આ પ્રેસ કોન્ફરન્સમાં કેન્દ્રીયમંત્રીશ્રી દર્શનાબેન જરદોશએ જણાવ્યું હતું કે, હાલમાં સંસદમાં ચોમાસુ સત્ર પુર્ણ થયુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે 15મી ઓગષ્ટે લાલ કિલ્લા પરથી 2047નું ભારત કેવું હોય તેની નીમ રાખી છે. દેશને આઝાદી મળી તેને 75 વર્ષ પુર્ણ થયા છે. દેશ આવનાર 25 વર્ષમાં કેવો હશે તે અંગે વડાપ્રધાનશ્રીએ નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિઝન મુક્યુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સતત 10 મી વખત લાલ કિલ્લા પરથી ધ્વજ વંદન કરવાનું સૌભાગ્ય મળ્યુ તે ગૌરવની વાત છે. ચોમાસા સત્રમાં સંસદમાં ત્રણ થી ચાર મહત્વની ઘટના બની છે. હાલ ગુજરાતમાં મેડિકલને લગતી ત્રણ દિવસ જી20 સમિટ ચાલુ છે. જી20 દેશના કોઇ પણ ભાગમાં એક ભારત શ્રેષ્ઠ ભારતના નિર્માણ હેઠળ રાજયની વિવિધતા અને સંસ્કૃતિ સાથે આયોજન થયા છે. જયાં ભાજપા સરકાર નથી ત્યા પણ જી-20 સમિટિ યોજવામાં આવી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશની 140 કરોડની જનતાને પોતાનો પરિવાર માને છે.

શ્રી દર્શનાબેને વધુમાં જણાવ્યું કે, પશ્ચિમ બંગાળ અને રાજસ્થાનમાં સ્ટેશનના ખાતમૂહુર્ત કે નવીનીકરણમાં વિપક્ષના નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. દેશભરમાં આધુનિક સ્ટેશનો બનાવવામાં આવનાર છે. 7 ઓગષ્ટે ખાદી અને ટેક્સટાઇલ હેન્ડલુમ સાથે પ્રદર્શની સરકારે યોજી જેમાં જુદા જુદા રાજયોના 75 જેટલા સ્ટોલ લાગ્યા હતા. ચોમાસા સત્રમાં વિપક્ષ દ્વારા ખોટી રીતે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો અને સંસદ ન ચાલવા દેવાનો પ્રયાસ કર્યો. મણિપુર ઘટનામાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સંસદમાં પ્રવેશતા પહેલા જ મણિપુર ઘટના અંગે જણાવ્યું હતું કે, ખૂબ સંવેદનસિલ ઘટના છે. આ ઘટનાને લઇ કોઇ

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

રાજનીતી ન થવી જોઇએ, દોષિતને સખત સજા થશે અને સંસદમાં દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે મણિપુર ઘટના અંગે સરકારે કરેલી કાર્યવાહી અંગે જવાબ આપ્યો હતો પરંતુ વિપક્ષે સંસદની ગરિમાનું ખંડન કર્યુ. સંસદમાં દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે બ્રિટીશના સમયથી ચાલતા કાયદાઓમાં સુધારા કરી સ્ટેન્ડિગ કમિટીમાં મોકલવામાં આવ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લાલ કિલ્લા પરથી વિશ્વકર્મા માટે એક નાની યોજના જાહેર કરી છે જેમાં 13 હજાર કરોડની રકમનો લાભ 30 લાખ પરિવારને મળશે. ગુજરાતમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના નેતૃત્વમાં ભાજપ પાર્ટી વધુ મજબૂત થઇ રહી છે.

આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી જનકભાઈ બગદાણા વાળા, શ્રી મહેન્દ્રભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ મીડિયા કન્વીનર શ્રી ડોક્ટર યજ્ઞેશભાઇ દવે,સુરત શહેર અધ્યક્ષ શ્રી નિરંજનભાઇ ઝાંઝમેરા, મહામંત્રી શ્રી મુકેશભાઈ દલાલ, શ્રી કાળુભાઈ ભીમનાથ, ધારાસભ્યશ્રીઓ શ્રી પ્રવીણભાઈ ઘોઘારી , શ્રી કાંતિભાઈ બલર, શ્રી સંગીતાબેન પાટીલ, શ્રી અરવિંદભાઈ રાણા, મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, ડેપ્યુટી મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માજી મેયર તથા દક્ષિણ ઝોન પ્રવક્તા શ્રી જગદીશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

**ડૉ.યજ્ઞેશ દવે**
**(પ્રદેશ મિડિયા કન્વીનર)**